ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૪-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### રામદેવ : અસ્કામત કે બોજો?

સ્વામી રામદેવ યોગાચાર્ય તરીકે વિશ્વભરમાં ઊંચી ખ્યાતિ ધરાવે છે, પરંતુ રાજકારણનો ચસકો લાગ્યા પછી એમની પ્રતિષ્ઠાનું સતત ધોવાણ થતું રહ્યું છે. રાષ્ટ્રવાદી અભિગમ કે વિદેશમાં પડેલું કાળું નાણું દેશમાં પરત લાવવાની એમની વાત દેખીતી રીતે જ લોકોને ગમે એવી હતી. બાબા રામદેવ પાછા એમનું પોતીકું અર્થશાસ્ત્ર ડહોળવા લાગ્યા અને કાળું નાણું પાછું આણવામાં આવે તો કોઇએ ઇન્કમટેક્સ પણ ભરવાની જરૂર નહીં રહે એવી આમલી-પીપળી બતાવવા માંડ્યા. એમણે ગુરૂપદે સ્થાપી એમનાં યોગ વિષયક જ્ઞાનથી લાભાન્વિત થયેલ લાખો અનુયાયીઓને ગુરૂવચન પર ભારોભાર શ્રદ્ધા પણ હોય તે સ્વાભાવિક છે. શરૂઆતમાં બાબા રામદેવ પોતે જ રાષ્ટ્રીય સ્વાભિમાન પાર્ટી જેવું કોઇ રાજકીય સંગઠન ઊભું કરી પોતાના ઉમેદવારો ઉતારવા ઉત્સુક હતા. ગુજરાતમાં આવી નરેન્દ્ર મોદી સાથે સઘન ચર્ચા કર્યા પછી એમને સમજાયું હશે કે એ રીતે તો તેઓ હિન્દુત્વવાદી પરિબળોને જ અને અંતે ભાજપને નુકશાન પહોંચાડનાર સાબિત થશે. તેથી બાબા રામદેવે રાજકીય પક્ષ રચવાનું માંડી વાળી સીધો જ નરેન્દ્ર મોદીનો પ્રચાર ચાલુ કરી દીધો. ખુદ મોદી અને ભાજપના વરિષ્ઠ નેતાઓ પણ જાણે છે કે વિદેશોની બેંકોમાં પડેલું કાળું નાણું પાછું લાવવાનું અને તેઓની સમજણ મુજબ ઇન્કમટેક્સ નાબૂદ કરી દેવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી, બલકે અશક્યવત જ છે. પરંતુ બાબાને અડધી રાતે સ્ત્રીનો ગાઉન પહેરીને ભાગવું પડ્યું હતું ત્યારથી યુપીએ સરકાર પર ભારે ખુન્નસ હતું. વિષ્ણુગુપ્ત કૌટિલ્યની જેમ આપણે નહેરૂ-ગાંધી વંશનું નિકંદન કાઢવાની પ્રતિજ્ઞા કરી હોઇ ભાજપ માટે એ વણનોતરી ઇશ્વરી સહાય બની ગયા હતા. એમની ઇચ્છા મુજબના ઉમેદવારોને ભાજપ ટિકીટ ન આપી શક્યું ત્યારે એ બગડી બેઠા હતા પરંતુ હવે એમનાથી પારોઠનાં પગલાં ભરવાનું શક્ય નહોતું રહ્યું. એથી નરેન્દ્ર મોદી જ દેશની તમામ સમસ્યાઓનું નિરાકરણ કરી શકે એમ છે એ મુદ્દો આગળ ધરીને તેઓ દેશ આખામાં સોનિયા-રાહુલની બે-ઇજ્જતી કરતા રહ્યા છે. એમણે સોનિયા ગાંધીને 'લૂંટારૂં મહિલા' કહ્યાં, રાહુલ વિશે કોઇ પણ સદ્‌ગૃહસ્થને ન છાજે એવી હલકી ભાષા વાપરતાં રહ્યા અને છેલ્લે તો એમણે રાહુલ ગાંધી દલિતોનાં ઘરે હનીમૂન મનાવવા જતા હોવા સુધીની ભદ્દી રજૂઆત કરી. આથી ખુદ સંત સમાજમાં બાબા રામદેવ પ્રત્યે ધૃણા પેદા થવા પામી છે અને ભાજપ માટે પણ એ અસ્કામતને બદલે બોજો બની રહ્યા હોય એવો ઘાટ સરજાયો છે. માયાવતીએ દલિતોના અપમાન બદલ બાબાને જેલમાં પૂરી દેવાની માગણી કરી છે તો કોંગ્રેસ પણ ચૂંટણીપંચ સમક્ષ એમની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. બાબા રામદેવ શરૂથી જ અત્યંત વિવાદાસ્પદ અને અશોભનીય વર્તણૂક કરતા રહ્યા હોઇ ભારતીય સંસ્કૃતિના ઓઠા હેઠળ નર્યો ગંદવાડ ફેલાવી રહ્યા છે. એમની યોગશિબિરોએ ભાજપની પ્રચાર સભાઓ જ બનતી રહી છે. ચૂંટણીના અંતિમ તબક્કામાં બાબા રામદેવનું વરવું વાસ્તવિક સ્વરૂપ છતું થયું છે. જે કોઇ પણ શિષ્ટ ભારતીય નાગરિકને છાજે નહીં એવું છે. ચૂંટણીપંચ કોઇ પગલાં ભરે તે પહેલાં બાબાએ ચતુરાઇપૂર્વક 'આદરણીય' રાહુલ ગાંધીજી અને દલિત સમાજની માફી માગી લીધી છે પરંતુ એથી પ્રશ્ન ઉકલી જતો નથી. કોંગ્રેસના મહામંત્રી દિગ્વિજયસિંહે એમને 'ઠગ' કહીને બિરદાવેલા તેમાં ઘણાં લોકોને હવે તથ્ય લાગતું હોય તો નવાઇ નહીં.



સેંટ ઝેવિયર્સ સે-૮ ખાતે 'ઓપલ' ગૃપ દ્વારા રવિવારે સાંજે ૬ થી ૮ દરમિયાન 'નોન સ્ટોપ સ્કેટીંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત આ પ્રકારનાં સ્કેટીંગ પ્રદર્શનનું આયોજન કરનાર 'ઓપલ ગૃપ' દ્વારા વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યેની રૂચિ કેળવાય તે હેતુથી કરાટે, સ્કેટીંગ, શુટીંગ, ટ્રેકીંગ જેવા કોચીંગ આપવામાં આવે છે.

'નોન સ્ટોપ સ્કેટીંગ'માં સાડા ચાર વર્ષના બાળકથી લઈ ૧૮ વર્ષ સુધીનાં ૯૩ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉદઘાટક તરીકે અશોક રાવલ-સચિવ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સેંટ ઝેવિયર્સના ફાધર હેકટર અને ક્રિશ્ના એથ્લેટીકસનાં આર.બી. જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ૨ કલાકનાં સફળ કાર્યક્રમ બાદ બાળકોને મોમેન્ટો અને પ્રમાણપત્ર અપાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા 'ઓપલ ગૃપ'ના ડાયરેકટર પ્રજ્ઞેશ મેસરીયા અને એમ.ડી. હર્ષ પરીખ, કોચ ભાર્ગવ આયર અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

*(તસવીર : કશ્યપ નિમાવત)*

# બે બ્લડ બેંકના લાયસન્સ રદ કરવા સીબીઆઈ દ્વારા ભલામણ

અમદાવાદ,તા. ૨૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર જુનાગઢ એચઆઈવી કેસમાં દાખલ કરવામાં આવેલા કલોઝર રિપોર્ટની સાથે સીબીઆઈએ જુનાગઢની બે બ્લેડ બેંકની કામગીરીની જોરદાર ઝાટકણી કાઢી છે. સાથેસાથે તેમના લાયસન્સને રદ કરવાની પણ ભલામણ કરી છે. બે બ્લડ બેંકના લાયસન્સની ભલામણ રદ કરવામાં આવ્યા બાદ તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. સીબીઆઈએ તેના અહેવાલમાં સ્પષ્ટ પણે ઉલ્લેખ કર્યો છે કે, આ બ્લડ બેંકો લોહીની થેલીઓની બિનસત્તાવારરીતે લેવડદેવડમાં સંડોવાયેલી રહી છે. સીબીઆઈના અધિકારીઓએ કહ્યું છે કે, આ સંદર્ભમાં વિસ્તૃત અહેવાલ બ્લડ બેંક સામે પગલા લેવા માટે રાજ્ય સરકારને મોકલવામાં આવશે. સીબીઆઈના અધિકારીઓએ કહ્યું છે કે, સર્વોદય બ્લડ બેંક મામલાઓમાં દરમિયાનગીરી કરતી નજરે પડી છે. સરકારી બ્લડ બેંકની કામગીરીને લઈને પણ પ્રશ્નો થયા છે. સીબીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સર્વોદય બ્લડ બેંક સામે કઠોર પગલા લેવા માટે અમે રાજ્ય સરકારને અહેવાલ મોકલી રહ્યા છીએ. નિયમિત વિભાગીય પગલા સંબંધિત સિવિલ સર્જન સામે લેવાની પણ ભલામણ કરવામાં આવી છે. આ સરકારી બ્લડ બેંકના તત્કાલિન ઈન્ચાર્જ પેથોલોજિસ્ટ સામે પગલા લેવાની પણ વાત કરવામાં આવી છે. તપાસ દરમિયાન ઘણી બધી ખામીઓ સપાટી ઉપર આવી હતી. અત્રે નોંધનીય છે કે, ૨૪ થેલેસેમિક બાળકોને એચઆઈવીની અસર થઈ જતાં ખળભળાટ મચી ગયો હતો. ઈન્ફેકશનવાળા લોહી તેમને આપી દેવામાં આવ્યા હતા. આ રોગના સંપર્કમાં આવ્યા બાદ પાંચ બાળકોના મોત પણ થયા હતા. આ બનાવના કારણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી અને તપાસની માંગ થઈ હતી. હાઈકોર્ટે તત્કાલિન જુનાગઢના એએસપી મારફતે તપાસનો આદેશ કર્યો હતો. મોડેથી આ કેસ ૨૦૧૨માં સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. તપાસના બે વર્ષ બાદ સીબીઆઈએ નીચલી કોર્ટમાં કલોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો અને કહ્યું હતું કે, ઉંડી તપાસ થઈ છે. એક અખબારમાં અહેવાલ પ્રકાશિત થયા બાદ બે બેંકના લાયસન્સોને લઈને ચર્ચા શરૂ થઈ છે.

### કચ્છ કાઠિયાવાડ રાજપુત સમાજે સમાજના વિદ્યાર્થીઓ માટે તાલીમ વર્ગો શરૂ કર્યા

ગાંધીનગર, તા. ૨૭

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે હાઈકોર્ટ કલાર્ક માટેના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ જૂનના રોજ હાઈકોર્ટ કલાર્કની લેખિત પરીક્ષા યોજવામાં આવનાર છે ત્યારે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧ મે સુધી એક મહિના માટે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ છે. આ તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૧ મેના રોજ સવારે ૧૦ કલાકે સમાજ કર્યાલય બ્લોક નં. ૧૪૬/૪, ચ-ટાઈપ, સેકટર-૧૭ ખાતે વર્ગ ચાલુ કરવામાં આશે. વર્ગમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ રમજુભા જાડેજા-૯૯૨૫૨૧૦૭૦૫, જસવંતસિંહ ગોહિલ ૯૪૨૬૪૧૨૮૩૨ અને દિલીપસિંહ -૯૯૭૮૨ ૨૨૨૩૩પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



સાબરમતીના કાંઠે નિર્માણ પામી રહેલ સંત સરોવર ખાતે મહેનત મજૂરી કરી રહેલા શ્રમજીવીઓના પરિવારજનોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પગરખાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી સહિત હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. *(તસવીર : દિપક જાની)*

## હરિની દૃષ્ટિ...



*ભાઈઓ, મારા બોડી ગાર્ડને મેં ભગાવી દીધો છે. હવે તમારે મને લાફા મારવા હોય તો મારો, તેનાથી મને સામી ખબર તો પડે કે મારૂ શું થવાનું છે?*

## મત દેજો માબાપ, ચૂંટણી આવી

*(વ્યંગાત્મક હાઇકુ)*

ચૂંટણી આવી
મત દેજો માબાપ
પાંચ વરસે

પ્રેમ વહાવી
મત થકી તારજો,
નૌકા મારી, હોં?

અટાણે સેવા
જીતી ચૂંટણી પછી
અલોપ થાશું!

છલકાય છે
લાગણી વિવેક કાં?
આવી ચૂંટણી?

'નાતભાઈ છું
તમારો, રખે દેતા
મત બીજાને...!'

ઝાઝું ન માગું
દેજો બાપલા સહુ
મત મોંઘેરો

મૂક સેવક
છું તમારો, જિતાડો
ચૂંટણી જંગ

દશો જો મત
મૂલવશું કિંમત
રૂડી પેરે રે...!

દૂષણ મારાં
ચિત્ત ના ધરો યારો
ચૂંટણી લગી...

નહિ બદલું
પાટલી, સિવાય કે
મળે ખુરશી...!!

માન-મોભો શું
કરવો મારે? ચાહું
સેવા તમારી(?)

વિજય મારો
થાશે તમુંના મતે...
દેશો ને સહુ?

સિંડિકેટમાં
ઇંડિકેટમાં, પછી
કેબિનેટમાં...

આયો તમારાં
દર્શને, બાપલિયા!
પાંચ વરહે..!!

દાસાનુદાસ
આજ છું તમારો હું
આપો જો મત...

નહિ છોડું હું
પક્ષ, સિવાય ભળે
પક્ષ સમૂળો...

હોશિયાર છું
દલબદલમાં હું -
કાંઇ કમ છું?

થાયે કિંમત
મતદારોની આજ
મોંઘા મૂલથી!

ના ખપે કાંઇ
આજે ચૂંટણી કેડે
થાશું પ્રધાન!

તમે માબાપ,
હું બેટો ચૂંટણીમાં
પછી ઊલટું

આપીશું હાઉં..
રોજી-રોટી, કપડાં
દેશો ને મત?

આજ તમારી,
કાલ ગરજ મટી
વૈદ્ય વેરી છે!

નેતા રે આયા
વચનો ઠાંસી ઠાંસી
ગાડાં રે લાયા...

માગો, બધું જ
આપું આજ તમને,
કાલે હરિઓમ...

- ભરતકવિ 'ઊર્મિલ'

# મોટા ભાગની સ્ત્રીઓને મનમાં એવું થતું કે પોતાને જો ઘરમાં સલામતી મળી રહે તો ઘર છોડવું નથી, જો સ્ત્રી ઘર છોડવા ન માંગતી હોય તો પણ ક્યારેક બળજબરીપૂર્વક તો વળી ક્યારેક એવું વાતાવરણ ઊભું કરવામાં આવે કે સ્ત્રી ઘર છોડવા મજબૂર થઇ જાય

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૩૮**
**ડો. ભાવના કે. જોશીપુરા**

ગત અંકમાં આપણે સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ૨૦૦૫ની કલમોની જોગવાઈ આપણે કલમ ૧૪ સુધી ચર્ચા કરી હતી. ખાસ કરીને વાચક મિત્રોના પત્રો મળ્યા અને તેઓ કાયદાની કલમની જોગવાઈ પહેલા જાણવા માંગે છે. તેથી કલમો સંદર્ભમાં આપણે આગળ જોઈએ તો,

**કલમ-૧૫ :- કલ્યાણકારી કામોના નિષ્ણાંત**

આ કાયદાના અંતર્ગત કેસના ચાલતા કામે મેજીસ્ટ્રેટ એ ભોગ બનનાર વ્યકિતથી સંલગ્ન અથવા કોઈપણ સ્ત્રી સભ્યને કે જે કુટુંબ કલ્યાણના કાર્યોમાં સંકળાયેલા હોય તેવી વ્યકિતને મેજીસ્ટ્રેટ પોતાના કાર્યોમાં મદદ માટે આવી વ્યકિતઓની સેવા મેળવી શકે છે.

**કલમ-૧૬ :- કેસની અદાલતી *પ્રક્રિયા* બંધ બારણે (ઈન કેમેરા) ચલાવવા સંદર્ભે**

જો મેજીસ્ટ્રેટને એવું માનવાને કારણ હોય કે, બંન્ને પક્ષકારો કેસની અદાલતી પ્રક્રિયા બંધ બારણે ચલાવવા સંદર્ભે ઈચ્છે છે તેમજ કેસના સંજોગોને આધીન મેજીસ્ટ્રેટ પોતાની વિવેક બુદ્ધિથી સમગ કેસની અદાલતી પ્રક્રિયા બંધ બારણે ચલાવવાનો હુકમ કરી શકે છે.

કલમનું વિવરણ :- આ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, મેજીસ્ટ્રેટ જો બંને પક્ષકારો ઈચ્છતા હોય તો કેસની અદાલતી કાર્યવાહી બંધ બારણે ચલાવવા હુકમ કરી શકે છે.

આ કલમનો વિશેષ હેતુ એ છે કે કેટલીકવાર ભોગ બનનાર વ્યકિત કે જે એક સ્ત્રી છે તેણી પોતે અનૂભવેલ પીઠા અથવા વ્યથા એ જાહેર રીતે વ્યકત કરવા માંગતી નથી અથવા તો એવું પણ બને કે વ્યથા એ પ્રકારની હોય કે ભોગ બનનાર વ્યકિત પોતાની વ્યથા વ્યકત કરવા માટે સંકોચ અનૂભવતી હોય. આવી બધી બાબતોને લઈને કોર્ટ કાર્યવાહી, ઈન કેમેરા એટલેકે બંધ બારણે ચલાવવા માટે કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે.

મહિલાઓની કેટલીક અંગત બાબતો એવી હોય છે કે, કોઈપણ સ્ત્રી એ જાહેરમાં વ્યકત કરતાં શરમ અને સંકોચ અનૂભવે છે. આવી માત્ર શરમ અને સંકોચને કારણે વ્યકિતની પીડા કે વેદના વ્યકત ન થાય તો ન્યાયનો હેતુ જળવાઈ નહી અને તે રીતે જોતા ભારતીય ફોજદારી ધારામાં પણ કેસ ચાલતા દરમ્યાન બંધ બારણે કાર્યવાહી ચલાવવાની જોગવાઈ છે.

ખાસ કરીને ફેમીલી કોર્ટમાં પણ પતિ-પત્ની વચ્ચેની તકરાર સંદર્ભેના કેસો ચાલતા હોય છે. પતિ-પત્ની વચ્ચેની તકરારમાં પણ કેટલીકવાર ચારિત્રના આક્ષેપો તો વળી પતિ-પત્ની વચ્ચેના અંગત જીવનના પ્રશ્નોનો સમાવેશ થાય છે. ફેમીલી કોર્ટમાં પણ કેસની કાર્યવાહી બંધ બારણે એટલેકે ઈન કેમેરા ચલાવવાની જોગવાઈ છે.

**કલમ-૧૭ :- સહિયારા *ઘર*માં રહેવાનો અધિકાર :-**

(૧) જે તે સમયમાં અસ્તિત્વમાં આવેલા કોઈપણ કાયદામાં લખેલ જોગવાઈઓમાં લખ્યું હોય તેનાથી અસર પામ્યા વીના દરેક સ્ત્રી કે જે ઘરેલું સંબંધ ધરાવતી હોય તેવી સ્ત્રી સહિયારા ઘરમાં હક્ક હિત ધરાવતી હોય તે અગત્યનું નથી પરંતુ તેણી ઘરેલું સંબંધને નાતે પણ તે સહિયારા ઘરમાં વસવાટ કરવાનો અધિકાર ધરાવી શકે છે.

(૨) કાયદામાં પ્રસ્થાપિત કાર્યરીતીથી વિરુદ્ધ સામોપક્ષકાર ભોગબનનાર વ્યકિતને સહિયારુ ઘર કે તેના કોઈપણ હિસ્સા ભાગમાંથી બહાર કાઢી શકે નહી કે દુર કરી શકે નહી.

કલમનું વિવરણ :- ભારતમાં ખાસ કરીને કુટુંબજીવનમાં એવું જોવા મળે છે કે કેટલાક જુલ્મી સાસરીયાઓ અને જુલ્મી પતિદેવો કોઈને કોઈ કારણસર અંતિમ હથિયાર ઉગામે અને સ્ત્રી ઘર બહાર કાઢી મુકતા હોય છે અને નિઃસહાય પરિસ્થિતિમાં મુકી દેતા હોય છે અને આ સ્થિતિમાં સ્ત્રીઓને સહિયારા કે મજીયારા ઘરમાં રહેવાનો અધિકાર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

**સ્ત્રીઓને *ઘર*ગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ૨૦૦૫ - ની આ સૌથી અગત્યની સમજવા જેવી કલમ છે, કારણકે સ્ત્રી અને બાળકોને જે ભય છે તે ખાસ કરીને અડધી રાત્રે *ઘર*માંથી કાઢી મુકશે તે પ્રકારેનો ભય હંમેશા સતાવે છે, નાની મોટી બાબતમાં પતિ કે પતિ પક્ષના પત્નીને વારંવાર કાઢી મુકવાની ધમકી આપતા હોય છે**

આ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, બીજા કાયદામાં આપવામાં આવેલી વિરુદ્ધની જોગવાઈઓને લક્ષમાં લીધા સીવાય દરેક સ્ત્રી કે જે ઘરેલું સંબંધ ધરાવતી હોય તેવી સ્ત્રી સહિયારા ઘરમાં વસવાટ કરવાનો અધિકાર ધરાવી સકશે. વધુમાં આ કલમમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે કાયદામાં પ્રસ્થાપિત કાર્યરીતીથી વિરુદ્ધ સામોપક્ષકાર ભોગ બનનાર વ્યકિતને સહિયારા ઘર કે તેના કોઈપણ હિસ્સા ભાગ માંથી બહાર કાઢી શકે નહી કે દુર કરી શકે નહી.

- સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ૨૦૦૫ - ની આ સૌથી અગત્યની સમજવા જેવી કલમ છે, કારણકે સ્ત્રી અને બાળકોને જે ભય છે તે ખાસ કરીને અડધી રાત્રે ઘરમાંથી કાઢી મુકશે તે પ્રકારેનો ભય હંમેશા સતાવે છે, નાની મોટી બાબતમાં પતિ કે પતિ પક્ષના પત્નીને વારંવાર કાઢી મુકવાની ધમકી આપતા હોય છે.

જયારે વ્યથીત સ્ત્રીને મળવાનું થાય ત્યારે પ્રથમ તો આ પ્રકારની સ્ત્રીને જો ઘર છોડી દેવું પડયું હોય તો, તેણીના રોજબરોજના કપડા, પોતાના સર્ટીફીકેટ, અગત્યના કિંમતી દસ્તાવેજો જેમકે સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ, પાસપોર્ટ વગેરે તાત્કાલીક રીતે પતિના કબજામાંથી કેમ મેળવવા તે પ્રશ્ન રહે છે.

અત્યાર સુધી એટલે કે આ કાયદો અમલમાં આવતા પહેલાં દરેક સ્ત્રીને એક પ્રશ્ન મૂંઝવતો અને તે પ્રશ્ન એટલે કે પતિપક્ષ તરછોડી દે તો તેવા સંજોગોમાં આશ્રય સ્થાન મેળવવાનો. મોટા ભાગની સ્ત્રીઓને મનમાં એવં થતું કે પોતાને જો ઘરમાં સલામતી મળી તો ઘર છોડવું નથી. જો સ્ત્રી ઘર છોડવા ન માંગતી હોય તો પણ કયારેક બળજબરીપ્રર્વક તો વળી કયારેક એવું વાતાવરણ ઉભું કરવામાં આવે કે સ્ત્રી ઘર છોડવા મજબૂર થઈ જાય. આ પ્રકારની ઘટનાઓ ન બને અને પરણિત સ્ત્રીને સાચા અર્થમાં આશ્રય સ્થાન પોતાના ઘરમાં જ જોઈતું હોય તો તે સંદર્ભે આ કલમની જોગવાઈ કરવામાં આવી છે.

રોજબરોજના કેસોમાં મોટા ભાગે એવી બહેનો મળતી હોય છે કે જેઓ પોતાના ઘરમાં જ રહેવા માંગતી હોય છે પરંતુ ઘરમાં સખત હેરાનગતી કરવામાં આવે તો શું કરવું ? મીનાના કેસથી આ વાત સમજીએ તો,

મીના એક બેંક ઓફિસર છે, મીનાનો પતિ એ શિક્ષક છે. મીનાને બે બાળકો છે. મીના અને તેના પતિ વચ્ચે નાની નાની બાબતમાં તકરાર ઉભી થાય છે. પતિનું સતત બહાર રહેવું અને બાળકો ઉપરની સતત બેધ્યાનપણું એ મીનાને સતત ખેચે છે. વાતનો વિવાદ વધતો ચાલે છે. મીના અને તેના પતિને ભેગા મળીને એક મોટો બંગલો બનાવેલ છે. મીનાનો પતિ હરેશ મીનાને વારંવાર ઘર છોડી દેવા જણાવે છે. મીનાએ પોતાની કમાણીમાંથી ઘર ચલાવેલ છે અને પતિ હરેશે મકાનના બેંકના હપ્તા ભરેલ છે. મીના સ્પષ્ટપણે માને છે કે આ ઘર બનાવવામાં તેણીની પણ ઘણી મદદ છે. જો કે મીનાએ મદદ કરી હોય કે ન કરી હોય મીનાનો ઘરમાં રહેવાનો અધિકાર છે.

મીના જેવી અનેક બહેનોને જુદા જુદા પ્રકારે સહિયારા ઘરમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કેટલીકવાર પતિ અન્ય સ્ત્રીને ઘરમાં લઈ આવવવાનું પણ દબાણ કરતો હોય છે. આ બધી બાબત વચ્ચે કાયદાની આ કલમ એ તમામ સ્ત્રીઓ માટે આશાના સોનેરી કિરણ જેવી છે.

કલમના વિશેષ વિવરણ સાથે તેમજ મીનાના કેસમાં આગળ શું બન્યું તે બાબત સાથે મળીએ

**આવતે અંકે...**